# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૭ * માર્ચ, ૨૦૦૭



તમારે બીજાને સમજાવવાની શી પડી છે ? પોતે જાગૃતદશા પામ્યા પહેલાં બીજાને જાગૃત કરવાના ભાવ યોગ્ય છે ? પોતે ચડ્યા વિના બીજાને ચડાવવા જતાં પોતાના ચડવાના દ્વાર બંધ થઈ જાય છે. બીજાના પુણ્ય ને પુરુષાર્થ તેની પાસે છે, તેમાં તમારું ધાર્યું શું થવાનું ? મોહને લઈને તમારા આત્માને શા માટે બંધન વધારો છો ? બીજાની ઉપાધિ શા માટે વ્હોરી લ્યો છો ? તમે જગતથી ઉદાસીનતા વધારો....વૈરાગ્ય વધારો....વૈરાગ્ય વધારો.... પુરુષાર્થ કરો....

—પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે. ૯૬૦.

*(શ્રી સમયસાર ગાથા-૭૧નો ભાવાર્થ)*

❀ હે ભવ્ય! વિષતુલ્ય અને કડવા એવા વિષયોમાં તને શું સ્વાદ ભરાઈ રહ્યો છે? કે જેથી તેની જ તૃષ્ણારૂપ અતિ દુઃખને અનુભવતો એ વિષયોને ઢુંઢવાનું તારું અતિ મહાન નિજપદરૂપ અમૃત મલિન કરે છે અને મનની સેવીકા જે ઈન્દ્રિયો તેનો આજ્ઞાંકિત સેવક થઈ તું એ જ વિષયોમાં પ્રવર્તે છે. પીત્તજ્વરવાળા જીવને જેમ વસ્તુસ્વાદ વિપરીત ભાસે તેમ વિષયાસક્તપણાને લઈને રાગરસથી તું વિપરીતસ્વાદુ બન્યો છે. ૯૬૧.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૫૯)*

❀ જેમ લવણ પાણીમાં વિલીન થઈ જાય છે તેમ ચિત્ત ચૈતન્યમાં વિલીન થતાં જીવ સમરસી થઈ જાય છે—સમાધિમાં આ સિવાય બીજું શું કરવાનું છે? ૯૬૨.

*(શ્રી મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૭૬)*

❀ જ્ઞાન આત્માના રૂપમાં પરિણમે ત્યારે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ બધા (પાપો) ભાગી જાય છે—એમાંથી કોઈ પણ પાપ રહેતું નથી. ૯૬૩.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા-૩૭)*

❀ ભવ્યજન શ્રી અરિહંતકી ભક્તિમેં મગન હોકર ઐસા કહતા હૈ કિ હે જિનેન્દ્ર! ક્યા હમારે સાથ અપને મોક્ષરૂપી દેશમેં ન ચલોગે? ઉસ મુક્તિસે મિલનેકે લિયે મેરે ભીતર આત્મારૂપી કમલકે રસકા અનુભવ પ્રગટ હો ગયા હૈ. મુજે શ્રી જિનેન્દ્રકા ઐસા ઉપદેશ મિલા હૈ કિ મૈં આત્મારૂપી સૂર્યકા અનુભવ કરું વ વીતરાગભાવકો પ્રગટ કરું. ઉસી હિતકારી સહાયકભાવસે યહ જીવ મુક્તિમેં પ્રવેશ કર જાતા હૈ. ૯૬૪.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૫૭)*

❀ હે જિન! સંસારરૂપ તાપથી સંતાપ પામેલો હું જ્યાં સુધી દયારૂપ અમૃતની સંગતિથી શીતળતા પામેલા આપનાં બન્ને ચરણ-કમળને હૃદયમાં ધારણ કરું છું ત્યાં સુધી જ હું સુખી છું. ૯૬૫. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, કરુણાષ્ટક, શ્લોક-૭)*

❀ યહ ધન અનર્થોંકા મૂલ હૈ ઔર યહ ધન નિવૃત્તિકા-મોક્ષકા નાશક હૈ ઔર યહ ધન હી લોભાદિ કષાયોંકા ઉત્પાદક હૈ તથા દુઃખોંકા વિધાયક-લાનેવાલા હૈ. ૯૬૬.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૩૬)*

❀

વર્ષ-૧
અંક-૭

સંવત
૨૦૬૩
March
A.D. 2007






આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# સર્વે દ્રવ્યોના સર્વે ગુણોની સર્વે પર્યાયો ક્રમબદ્ધ!!

(શ્રી સમયસાર, ગાથા-૭૨ ઉપર પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું પ્રવચન)

આ, શ્રી સમયસાર શાસ્ત્ર છે. તેમાં કર્તા-કર્મ અધિકારની ૭૨મી ગાથા ચાલે છે.

જે કોઈ પ્રાણી પુણ્ય-પાપના વિકલ્પને મલિન જાણીને—ચાહે કોઈ પણ વિકલ્પ-ઈચ્છા હોય-વ્રત, ભક્તિ, દયા, દાન આદિ કોઈનો પણ વિકલ્પ હોય તે ઈચ્છા માત્ર દુઃખરૂપ છે-મલિન છે તથા ભગવાન આત્મા સદા અતિ નિર્મળ છે એવું જાણીને—અંતરમાં રાગથી નિવૃત્ત થઈને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે તેને સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય છે.

જે રાગ ઉત્પન્ન થાય છે-દયા, દાન, વ્રત, ભક્તિ કે કામ, ક્રોધ-એ બધા વિપરીત ભાવ છે. ચૈતન્યથી વિપરીત જડ છે. રાગમાં ચૈતન્યનો પ્રકાશ નથી. તેથી શુભરાગ દયા, દાન, વ્રત આદિ એ પણ જડ છે. જડનો અર્થ પુદ્‌ગલ-રજકણ એમ નહીં પણ રાગમાં ચૈતન્યના કિરણ નથી તેથી રાગને ચૈતન્યથી વિપરીત જડ કહ્યો છે.

આસ્રવ એ વિપરીત ભાવ છે અને પોતે ચૈતન્ય સ્વભાવ છે એમ બન્નેની વચ્ચે ભેદ કરીને પોતાના આત્મામાં એકાગ્ર થઈને વિપરીત ભાવને છોડે છે તેનું નામ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે. જે કોઈ વિકલ્પ-વૃત્તિ ઊઠે છે તે દુઃખરૂપ છે. શુભભાવ કે અશુભભાવ દુઃખરૂપ છે. આસ્રવ આકુળતા ઉત્પન્ન કરાવવાવાળા છે અને તેથી દુઃખના કારણો છે. વૃત્તિ માત્ર શુભ અને અશુભ દુઃખરૂપ, દુઃખના કારણો છે, ઝેર છે. ભગવાન

આત્મા સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહીં હોવાથી દુઃખનું અકારણ જ છે અર્થાત્ દુઃખનું કારણ નથી.

આત્મા અનંત ગુણથી સંપન્ન છે. વસ્તુ એક અને તેમાં ગુણ અનંતા છે. આત્મામાં અનાદિથી અકાર્ય-કારણ નામનો એક ગુણ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, શ્રદ્ધાસ્વરૂપ છે એમ અકાર્ય-કારણસ્વરૂપ આત્મા છે. આત્મામાં અકાર્ય-કારણ નામની શક્તિ, ગુણ, સ્વભાવ અનાદિ અનંત છે. આત્મામાં જે રાગ-વિકાર ઉત્પન્ન થાય છે તેનું કાર્ય પણ આત્મા નથી અને તેનું કારણ પાણ આત્મા નથી. દેહ-વાણીની ક્રિયાની વાત નથી કેમકે એ તો જડ છે, પર છે. તેની ક્રિયા તો અજ્ઞાની આત્મા પણ ત્રણ કાળમાં કરી શકતો નથી.

પરદ્રવ્યની પર્યાય એ તો પરદ્રવ્યનું કાર્ય છે. કેમકે પ્રત્યેક પદાર્થ 'ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ 'સત્' છે. પ્રત્યેક રજકણ પોતાનું ધ્રુવપણું કાયમી રાખીને પોતાના ઉત્પાદપણે પર્યાયનું કાર્ય કરે છે, તેનું કાર્ય કોઈ બીજો કરે એવું ત્રણ કાળ ત્રણ લોકમાં બની શકતું નથી.

એક વિચાર આવેલો કે પર્યાય છે તે ક્રમવર્તી છે ને એક પછી એક થાય છે અને ગુણ છે તે અક્રમ છે. એ પર્યાય જે ક્રમવર્તી વ્યવસ્થિત થાય છે અને ગુણ અક્રમે છે તેવો એક ક્રમ-અક્રમ નામનો ગુણ આત્મામાં છે. ૧૮મી શક્તિ છે. 'ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે એવી ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ'. ક્રમવૃત્તિરૂપ પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે અને અક્રમવૃત્તિરૂપ ગુણ ધ્રુવરૂપ છે—એવો આત્મામાં એક ગુણ છે.

આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે. ક્રમવૃત્તિ પર્યાયરૂપ થવું અને અક્રમવૃત્તિ ગુણરૂપ થવું એવો આત્મામાં એક ગુણ છે. જેમ આનંદ નામની એક શક્તિ છે તેમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ—ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ નામની એક શક્તિ આત્મામાં છે.

સ્વમાં અને પરમાં ક્રમસર અવસ્થા-પર્યાય થાય છે. કોઈ જરાય પણ આઘી પાછી થતી નથી. અનંત પરમાણુ હોય કે અનંત આત્માઓ હોય જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય છે, તેમાં કોઈ આઘી પાછી થાય એમ ત્રણ કાળમાં બને નહીં.

આત્મામાં પણ જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે અને ગુણ અક્રમે છે તેવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે,તે ગુણનો ધરનાર આત્મા છે. લોકો કહે છે કે ક્રમસર થાય છે તેમાં અમારે પુરુષાર્થ શું કરવો? શાંતિથી સાંભળવું. આ અંતરની વાત છે જે અનંતકાળમાં ક્યારેય દૃષ્ટિમાં લીધી નથી.

ક્રમવૃત્તિ પર્યાયનું થવું ક્રમસર—ક્રમબદ્ધ. ક્રમવૃત્તિ પર્યાય ક્રમબદ્ધ થાય છે એવો

નિર્ણય કરવાવાળાને ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો જે ગુણ અંદરમાં છે તેનો ધરનાર જે દ્રવ્ય છે તેની દૃષ્ટિ થવાથી તેને સમ્યગ્દર્શન થાય છે.

પ્રભુ! આ તો અંદરની વાત છે. આત્માની પ્રતીતિ ક્યારે થાય? કે આત્મામાં જેટલા ગુણ છે તે ગુણ સહિત જે દ્રવ્ય છે તેની પ્રતીતિ થાય તો આત્માની પ્રતીતિ છે. આત્મામાં ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ નામનો એક ગુણ છે. અનંતગુણ એક સાથે રહે અને પર્યાય ક્રમે ક્રમે ક્રમબદ્ધ થવી એવો એક ગુણ છે.

અનંત ગુણ એકસાથે રહે છે તેનું નામ અક્રમ, જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો એક સાથે રહે છે અને પર્યાય ક્રમે ક્રમે રહે છે. ક્રમવૃત્તિ પર્યાય અને અક્રમવૃત્તિ ગુણો એ બંને મળીને એક ગુણ આત્મામાં છે. ગુણના ધરનાર આત્મા ઉપર જ્યારે દૃષ્ટિ જાય છે ત્યારે ગુણની પણ પ્રતીતિ થઈ જાય છે કે ક્રમે ક્રમે પર્યાય થાય છે અને અક્રમે ગુણ છે. ક્રમવૃત્તિ પર્યાય તો જે થવાની છે તે જ થશે.

ઉપર ઉપરથી તો અત્યાર સુધી આ કહેતા જ પણ આજે શક્તિમાંથી કાઢ્યું છે કે અવસ્થા ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધ છે પણ જ્યારે દૃષ્ટિ દ્રવ્ય પર જાય તો એ ક્રમબદ્ધનું ફળ આવ્યું કહેવાય. ક્રમબદ્ધ માને અને દૃષ્ટિ પર્યાય ઉપર રહે તો જેમાંથી ક્રમબદ્ધ આવ્યું એવા દ્રવ્યની દૃષ્ટિ તો થઈ નહીં, પર્યાયબુદ્ધિ રહી.

આત્મામાં 'ક્રમે રહેવું' અને 'અક્રમે રહેવું' એવો એક ગુણ છે. એક એક શબ્દ ઘણો ગંભીર છે. ક્રમબદ્ધ છે એવો નિર્ણય કરવાવાળાને ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણનો નિર્ણય કરવો પડશે અને ગુણનો નિર્ણય દ્રવ્યને આશ્રયે થાય છે. આહાહા! એકલા ગુણભેદથી નિર્ણય નથી થતો. ગુણભેદથી નિર્ણય કરવા જતાં તો રાગ ઉત્પન્ન થાય છે.

અક્રમે ગુણ રહે છે અને ક્રમે પર્યાય થાય છે એવો એક ગુણ છે. એ ગુણના ધરનાર આત્મા ઉપર દૃષ્ટિ જતાં ગુણની પ્રતીત થાય છે અને દ્રવ્યની પણ પ્રતીત થાય છે. સમજાણું કાંઈ?

વસ્તુ-આત્મા પદાર્થ છે, અસ્તિ છે. અસ્તિ છે તો તે દ્રવ્ય થયું અને દ્રવ્ય છે તો તેમાં શક્તિ હોય કે નહિ? શક્તિ-સ્વભાવ વિના કોઈ દ્રવ્ય હોય નહીં. દ્રવ્ય છે તો તેની શક્તિ સંખ્યાએ અનંત છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એવી એક શક્તિ ઉત્પાદ-વ્યય-ધ્રુવશક્તિ છે. એક આત્મામાં સંખ્યાએ આવી અનંતાનંત શક્તિઓ છે.

આત્મામાં રહેલી અનંત શક્તિઓમાં ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું

એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો એક ગુણ છે. ક્રમબદ્ધ થાય છે એનો જ્યાં નિર્ણય કરવા જાય છે ત્યાં ક્રમબદ્ધ થનારી પર્યાય અને અક્રમે રહેવાવાળા આત્મામાં જે ગુણ છે એ ગુણને ધરવાવાળું જે દ્રવ્ય છે એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધ અને અક્રમનું ફળ સમ્યગ્દર્શન આવી ગયું.

ભાઈ! જેમાંથી પર્યાય ક્રમબદ્ધ થાય છે એ દ્રવ્યની દૃષ્ટિ થવાથી તારા પુરુષાર્થમાં ક્રમબદ્ધનો નિર્ણય થયો. પુરુષાર્થમાં ક્રમબદ્ધનો નિર્ણય થયો ત્યાં ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં સ્વભાવથી એકત્વ થયો અને રાગથી પૃથક્ થયો, પરના કર્તાથી પૃથક્ થયો. પોતાના અનુભવમાં, પ્રતીતમાં આવ્યું ત્યારે ક્રમબદ્ધનું તાત્પર્ય સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન તેને થાય છે.

આવું તો ઘણીવાર કહ્યું હતું પણ આજે એ જ વાત આગમના આધારે શક્તિમાંથી કાઢી છે. ભગવાન! તારી વસ્તુ આવી છે.

પ્રભુ! આ પોતાના એક આત્મામાં અનંતા ગુણ છે. આકાશના પ્રદેશો અમાપ... અમાપ...અમાપ છે...છે...છે. એવા અમાપ આકાશના પ્રદેશોની સંખ્યા જેટલી છે તેનાથી અનંતગુણા ગુણ એક આત્મામાં છે. એ ગુણનો ધરવાવાળો ગુણી આત્મા છે. એ ગુણી પર દૃષ્ટિ જતાં સમ્યગ્દૃષ્ટિને પ્રતીતમાં આવી ગયું કે પર્યાય ક્રમવૃત્તિ હોય અને ગુણ અક્રમવૃત્તિરૂપ હોય છે.

આત્મામાં જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ સ્વભાવ છે એવો એક ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિ વર્તન જેનું લક્ષણ છે–જેનું સ્વરૂપ છે એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે. એ ગુણને ધારણ કરનાર દ્રવ્ય છે. જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ ત્યારે પ્રતીતમાં આવ્યું કે હું જ્ઞાયક છું અને મારામાં આવો એક ગુણ પણ છે. એ એક ગુણ અનંત ગુણને નિમિત્ત છે તેથી અનંતગુણ પણ ક્રમવૃત્તિરૂપ પ્રવર્તન કરે છે. આહાહા!

આત્માની પ્રતીત તેને થઈ કહેવાય કે જે આત્મા અનંતગુણ સ્વરૂપ છે જેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ–ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તના જેનું લક્ષણ છે–એવો એક ગુણ છે, એને ધરનાર આત્માનું જ્યારે પર્યાયનું લક્ષ છોડીને ગુણભેદનું પણ લક્ષ છોડીને અંતરમાં લક્ષ કરીને એકત્વબુદ્ધિ કરીને અનુભૂતિ–સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન થતાં એ ગુણની પ્રતીત આવી અને એવા અનંતગુણ પણ ક્રમવૃત્તિરૂપ પરિણમે છે એવી શ્રદ્ધા થાય છે. અનંતગુણોનું પરિણમન ક્રમવૃત્તિરૂપ અને ગુણ પોતે અક્રમે અનાદિથી એ રીતે જ રહે છે.

જ્યારે દ્રવ્યની દૃષ્ટિ થઈ ત્યારે આવી શ્રદ્ધા પાકી થાય છે. જ્યાં સુધી દ્રવ્યની દૃષ્ટિ નથી ત્યાં સુધી એવું ક્રમવૃત્તિરૂપ પરિણમન માનતો નથી.

શ્રોતા :–યહી અનંત પુરુષાર્થ હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–યહી અનંત પુરુષાર્થ હુઆ ઔર ઉસકો ખ્યાલમેં આ ગયા કી ક્રમરૂપ પરિણમના ઔર અક્રમરૂપ રહના વો તો મેરા સ્વભાવ હૈ.

શ્રોતા :–ક્રમબદ્ધસે પુરુષાર્થકા ખુલાસા કૈસે હોતા હૈ ઉસકા યહ ખુલાસા હૈ?—

પૂજ્ય ગુરુદેવશ્રી :–હા, એનો જ ખુલાસો છે. હિંમતભાઈ આ સમજાય છે? આ રીતે ક્યારેય ન કહ્યું હતું પણ આજે આવી ગયું.

જેને આવી ખબર ન પડે અને ધર્મ થાય એમ માને છે પણ એમાં ધર્મ તો નહીં પણ પુણ્યનું પણ ઠેકાણું નથી. કોઈ કષાય મંદ થાય તો પાપાનુબંધી પુણ્યનો બંધ થાય, એને ત્રણકાળમાં જન્મ-મરણનો અંત આવતો નથી.

ભગવાન આત્મા અનંતગુણ સંપન્ન, તેમાં એક ગુણ એવો જે ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ છે તેને ધરનાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ તો પ્રતીતમાં આવી ગયું કે આ દ્રવ્યના દરેક ગુણની પર્યાય ક્રમસર-ક્રમબદ્ધ થાય છે, ગુણ અક્રમ રહે છે. થોડું ઝીણું થઈ ગયું.

જેવો આત્મા છે એવી પ્રતીતિ કરે તો સમ્યગ્દર્શન થયું કહેવાય. આત્મા કેવો છે?– કે અનંત ગુણ સંપન્ન. તેમાં એક ગુણ એવો છે કે ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ સ્વભાવવાળો છે. ક્રમવર્તનારૂપ અને અક્રમવર્તનારૂપ જેનું લક્ષણ છે એવો ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ આત્મામાં છે.

અમૃતચંદ્રાચાર્યે તો એવું લખ્યું છે કે આત્મા તેને કહીએ કે જેમાં ક્રમે વર્તના અને અક્રમે રહેના એવો એક ગુણ છે. એ ગુણ સહિત આત્માની પ્રતીત કરતા અનુભૂતિ થઈ. પરનો કર્તા તો હું નથી પણ રાગનો કર્તા પણ હું નહીં, અરેરે! મારી નિર્મળ પર્યાય થાય છે અને વિકલ્પ આવે એ વિકલ્પ ન કરું એમ પણ નથી, કેમકે એ દ્રવ્ય જ ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ ગુણ ધારણ કરનાર છે. આવા દ્રવ્યની દૃષ્ટિ થતાં બધા ગુણોનું કાર્ય ક્રમસર થાય છે એવી સાચી પ્રતીતિ થાય છે.

એક ગુણ તે બધા ગુણમાં 'વિભુ' છે, વ્યાપક છે. જ્યાં જ્ઞાનગુણ છે ત્યાં જ આનંદગુણ છે અને ત્યાં જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો એક ગુણ સાથે જ રહેલો છે. આવા દ્રવ્યની જ્યારે પ્રતીત થઈ ત્યારે એ ગુણ અને બીજા અનંતા ગુણોમાં ક્રમવૃત્તિરૂપ પર્યાય થાય છે અને અક્રમે ગુણ રહે છે એવી પ્રતીત થાય છે.

આ જે સમયે રાગ આવે છે ને તે પણ ક્રમસર-ક્રમબદ્ધ આવે છે અને જાણવા-દેખવાની પર્યાય પણ ક્રમસર થાય છે. દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે અને રાગ તો જે કાળે આવવાનો છે તે આવશે પણ તેને જાણનારી જ્ઞાનની પર્યાય પણ ક્રમબદ્ધ થશે. રાગને જાણનારી જ્ઞાનની પર્યાય તો ક્રમમાં આવશે પણ એ જ રાગને જાણનારી પર્યાય પણ ક્રમમાં આવશે.

સર્વજ્ઞએ જોયું છે માટે ક્રમબદ્ધ થશે એમ અત્યારે નથી કહેવું પણ દ્રવ્યનો સ્વભાવ જ એવો ક્રમવૃત્તિ અને અક્રમવૃત્તિ છે. પ્રભુ! આ તો અંતરની વાત છે. વસ્તુની સ્થિતિ જ એવી છે પ્રભુ! આ વસ્તુ જેવી છે એવી જ બધી વસ્તુ છે. બધી વસ્તુમાં પણ એવો એક ગુણ પડ્યો છે. એ બધી વસ્તુઓમાં પણ ક્રમસર પરિણમન અને અક્રમે રહેવું થાય છે. પણ બીજા દ્રવ્યોમાં જ્ઞાન ન હોવાથી તેને ખબર પડતી નથી. આત્મા જ્ઞાતા છે તો તેને ક્રમ-અક્રમની ખબર પડે છે. સમજાણું કાંઈ?

બધા દ્રવ્યોમાં આવો ગુણ છે પણ અત્યારે તો આપણે આત્મા સિદ્ધ કરવાનો છે. આત્મા જ તેને કહેવાય કે જેમાં ક્રમવૃત્તિરૂપ પર્યાય પરિણમન કરે અને અક્રમે ગુણ રહે એવો એક ગુણ હોય, એ ગુણને જે ધારણ કરે તે આત્મા. આવા ગુણની શ્રદ્ધા થઈ તેને આખું દ્રવ્ય ક્રમબદ્ધ પરિણમે અને અક્રમે રહે એવી શ્રદ્ધા થઈ ગઈ.

આ વાત સમજમાં ન આવે એવી નથી. ભગવાન આત્મા એક સમયમાં અસ્તિત્વ ધરાવે છે તે એના અનંતગુણોનું પણ અસ્તિત્વ છે. તેમાં એક ગુણ એવો છે કે જે ક્રમે પ્રવર્તે અને અક્રમે રહે. આહાહાહા! આ શક્તિને ન માને તો દ્રવ્યને માન્યું નહીં, ગુણ પણ માન્યા નહીં, પર્યાયને પણ માની નહીં અને આત્માને પણ માન્યો નહીં. આ ગુણને ન માને તે આત્માને જ માનતો નથી.

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ આવા આત્માને જોયે છે. એ આત્મામાં અનંત ગુણો જોયા છે. એ અનંત ગુણમાં ભગવાને એક ગુણ એવો જોયો કે જે ક્રમસર પ્રવર્તે અને કોઈ દ્રવ્યની કોઈપણ પર્યાય આઘી પાછી થાય નહીં. પર્યાય આગળ-પાછળ ન થાય અને ક્રમસર થાય તથા એકસાથે ગુણ હોય એવો એક ગુણ દ્રવ્યમાં રહેલો છે. એ ગુણનો ગુણ-ગુણનું કાર્ય શું?-કે ધ્રુવરૂપે અક્રમ રહેવું અને પર્યાયમાં ક્રમસર રહેવું એ ગુણનો ગુણ-ગુણનું કાર્ય છે.

કર્મ-રજકણને તારા લક્ષમાંથી કાઢી નાખ, એ તો તારામાં છે જ નહીં. રાગ આદિ આવે છે એ પણ તારામાં નથી. રાગ તો આસ્રવ છે ને? શરીર કર્મ છે તે અજીવ તત્ત્વ

છે માટે આત્મામાં નથી. પુણ્ય-પાપનો વિકલ્પ એ આસ્રવતત્ત્વ છે, દુ:ખરૂપ છે માટે તે પણ આત્મામાં નથી. જો આત્મામાં આસ્રવતત્ત્વ હોય તો જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ એ બે તત્ત્વ ભિન્ન ન રહે.

આત્મામાં આસ્રવતત્ત્વ નથી તો શું છે? આત્મામાં જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણ છે. તેમાં એક ગુણ એવો છે કે ક્રમે પ્રવર્તે અને ગુણ એકસાથે રહે. એવો એક ગુણ બધા ગુણમાં છે. અનંતગુણની તાકાત એવી છે અને તેથી દ્રવ્યની તાકાત પણ એવી જ છે.

શ્રોતા :–જો એવી તાકાતને ન માનવામાં આવે તો દ્રવ્ય જ બગડી જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :–તે દ્રવ્યને જ માનતો નથી. એ આત્માને જ માનતો નથી. આખો દિવસ આત્મા....આત્મા કરે અને આત્મા આવી શક્તિવાળો છે એમ ન માને તો તે જીવ નાસ્તિક છે. સમજ્યા વગર આત્મા....આત્મા કરે તે શું કામ આવે! કાંઈ કામ ન આવે. સારી વાત આવી ગઈ.

સર્વજ્ઞે જોયું છે માટે ક્રમસર થશે એમ નહીં પણ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વસ્તુનું સ્વરૂપ એવું ન હોય તો વસ્તુના ગુણનો નાશ થઈ જાય છે ગુણ એકસાથે રહે, પર્યાય ક્રમસર થાય, આઘી પાછી ન થાય એવો એક ગુણ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ શક્તિ એ તો ત્રિકાળી શક્તિ છે. તો તે શક્તિનું કાર્ય શું? પોતે ધ્રુવરૂપ રહે અને પર્યાય ક્રમે પ્રવર્તે એ ત્રિકાળી શક્તિનું કાર્ય છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના જ્ઞાનમાં એમ આવ્યું છે કે આત્મામાં એક એવો ગુણ છે કે જે ક્રમે પ્રવર્તે અને અક્રમરૂપ એકસાથે રહે.

રાગ દુ:ખરૂપ છે અને આત્મા સુખરૂપ છે એમ બે વચ્ચે ભેદજ્ઞાન કરીને જ્ઞાયક તરફ ઝુકતા પ્રતીતમાં આવી ગયું કે દ્રવ્ય અને ગુણ એવા છે કે જેનો સ્વભાવ ક્રમે પરિણમે અને અક્રમે એકસાથે રહે.

અહીં, આત્મા તેને કહે છે કે જે જ્ઞાન ધારણ કરે, આનંદ ધારણ કરે, અસ્તિત્વગુણ ધારણ કરે, ચૈતન્યનો ભાવપ્રાણ ધારણ કરે. આત્મા તેને કહેવાય કે જેમાં રાગના અભાવરૂપ પરિણમન કરવાવાળો એક અકર્તા નામનો ગુણ હોય.

સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદા જે પરિણામો તે પરિણામોના કરણના ઉપશમસ્વરૂપ તે અકર્તૃત્વશક્તિ છે. જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના

કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી—એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.

આત્મામાં નિમિત્તના લક્ષે જે વિકલ્પ થયો છે તેનાથી ઉપરમસ્વરૂપ-તેનાથી નિવૃત્તસ્વરૂપ અકર્તા નામનો એક ગુણ આત્મામાં છે. જે સમયે રાગ થયો છે તે જ સમયે ઉપરમસ્વરૂપ-રાગથી નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ્ઞાતૃત્વ પરિણામ થયો એ અકર્તૃત્વ ગુણનું કાર્ય છે. રાગાદિ જે પરિણામ થયા તેનાથી નિવૃત્તસ્વરૂપ અકર્તૃત્વ નામનો આત્મામાં એક ગુણ છે.

આત્મામાં એક અકર્તૃત્વ નામનો અનાદિ અનંત ગુણ છે. જેવી રીતે આત્મામાં ક્રમે પરિણમવું અને અક્રમે રહેવું એવો એક ગુણ છે તેવી રીતે, આત્મામાં અકર્તા નામનો એક ત્રિકાળ ગુણ પડ્યો છે. જેને આવી શક્તિનું ભાન નથી તેવો અજ્ઞાની જીવ રાગનો કર્તા થાય છે. રાગ તો જે સમયે આવવાનો છે તે જ સમયે આવે છે પણ અજ્ઞાનીને અકર્તૃત્વશક્તિનું ભાન નથી તેથી રાગનો કર્તા થાય છે.

જેને દ્રવ્યનું ભાન નથી તે રાગનો કર્તા થાય છે. પણ જેને દ્રવ્યનું ભાન થયું છે તેને આત્મામાં રહેલા અકર્તૃત્વ ગુણનું પણ ભાન થયું અને તેના ફળ સ્વરૂપે રાગથી નિવૃત્ત થાય છે, રાગનો અકર્તા થાય છે. સમ્યગ્દષ્ટિ રાગનો કર્તા નથી, રાગનો જ્ઞાતા છે, રાગને જ્ઞેય તરીકે જાણે છે.

ક્રમસર જે રાગ થાય છે તે ક્રમમાં જ થાય છે, તેનું લક્ષ કરવું નથી પડતું. આત્મામાં અકર્તૃત્વ નામનો ગુણ પડ્યો છે તેથી આખા દ્રવ્યનો એવો ગુણ થયો કે તે રાગનો કર્તા નથી થતો. આવા દ્રવ્યની દૃષ્ટિ થતાં એ સમયે જે રાગ થાય છે તેના અભાવસ્વરૂપે પરિણમન કરવું એ અકર્તૃત્વશક્તિનું ફળ છે.

અહીં તો એક એક ગુણનું કાર્ય ભિન્ન ભિન્ન બતાવવું છે. દરેક ગુણનું કાર્ય થાય તો છે એક સમયમાં, પણ ભિન્ન ભિન્ન થાય છે. શક્તિના વર્ણનમાં તો ઘણો ખુલાસો આપ્યો છે. અહીં તો આધાર માટે થોડું વર્ણન કરેલ છે.

થોડું પણ જેવું છે તેવું સત્ય સમજે તો અંત આવે. આમ ને આમ ૧૧ અંગ ૯ પૂર્વ ભણી નાખે અને તેમાંથી કાંઈ સાર ન કાઢે! આટલું ભણીને પણ રાગને આગળ કર્યો અને રાગ કરવો એ કાઢ્યું; એ તો અનાદિનો કરે છે, એમાં નવું શું લાવ્યો? સમજાણું કાંઈ? પરનું હું ભલું કરી શકું છું, ધૂળ પરનું કરી શકે છે! પરનું કરવું એવો તો આત્મામાં

કોઈ ગુણ જ નથી. એ તો નહીં પણ રાગનો કર્તા એવો પણ આત્મામાં કોઈ ગુણ નથી. આહાહા...!

વ્યવહારરત્નત્રયના વિકલ્પનો કર્તા થાય એવો આત્મામાં કોઈ ગુણ નથી. સર્વજ્ઞએ કહ્યા છે તેવા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રજ્ઞાન-પરસન્મુખનો વિકલ્પ કરવો એવો આત્મામાં કોઈ ગુણ નથી. એ વિકલ્પથી નિવૃત્ત થવું એવો અકર્તૃત્વ નામનો એક આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે.

આ તો સત્ય સ્વરૂપ છે. સર્વજ્ઞએ જેવું જોયું એવું સ્વરૂપ છે. આત્મામાં અકર્તૃત્વ નામનો એક ગુણ છે. એ ગુણને ધરનાર આત્માની શ્રદ્ધા થઈ તો પર્યાયમાં અકર્તૃત્વગુણનું પરિણમન થયું. દ્રવ્ય અને ગુણમાં તો અકર્તૃત્વ વ્યાપક છે જ પણ જ્યાં એવા આત્માની દૃષ્ટિ થઈ ત્યાં અકર્તૃત્વગુણ પર્યાયમાં વ્યાપી ગયો. પર્યાયમાં અકર્તૃત્વગુણ વ્યાપી ગયાનો અર્થ એ કે પર્યાય રાગથી નિવૃત્ત થઈ ગઈ.

રાગ છે તે સમયે પણ રાગથી ઉપરમસ્વરૂપે પરિણમવું તે અકર્તૃત્વગુણનું કાર્ય છે. આમ ને આમ આત્મા...આત્મા કરે–માને તે ન ચાલે. સમજાણું કાંઈ? એ વસ્તુ કેવી છે? તેની શક્તિ કેવી છે? તે શક્તિનું કાર્ય શું છે? એ સમજવું જોઈએ. અકર્તૃત્વગુણ એ શક્તિ છે અને તેને ધરનાર ભગવાન આત્મા છે. જ્યારે આવા આત્માની શ્રદ્ધા કરવામાં આવી ત્યારે પર્યાયમાં અકર્તૃત્વગુણનું પરિણમન થયું. રાગના અભાવ સ્વરૂપ પરિણમન થવું એ અકર્તૃત્વગુણનું પર્યાયરૂપી કાર્ય છે. આટલું થાય ત્યારે તેવો આત્માને જાણ્યો, માન્યો ને અનુભવ્યો એમ કહેવામાં આવે છે.

આ તો ખ્યાલ થવાની વાતો છે અનંતકાળમાં આ વાત જીવે યથાર્થપણે સાંભળી પણ નથી. યથાર્થપણે સાંભળી જ નથી તો નિર્ણય તો શેનો કરે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મામાં એક ગુણ એવો છે કે જે કર્મના નિમિત્તથી રાગ થયો તેનાથી ઉપરમસ્વરૂપે રહે, રાગથી નિવૃત્તસ્વરૂપે રહે એવો એક ગુણ છે.

શ્રોતા :–રાગનો નાશ થાય ત્યારે કર્મ ટળે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–રાગના અભાવરૂપ પરિણમન થાય છે અને કર્મ પણ પોતાની મેળે નાશ થાય છે. રાગનો નાશ કરવો પડતો નથી અને કર્મનો પણ નાશ કરવો પડતો નથી. રાગનો નાશ કરે એવો આત્મામાં કોઈ ગુણ નથી. રાગ ગ્રહણ જ નથી કર્યો.

આત્મામાં એક ત્યાગ-ઉપાદાન-શૂન્યત્વ શક્તિ છે. આ શક્તિના લીધે આત્મા રાગને ગ્રહણ પણ કરતો નથી અને તેથી રાગનો ત્યાગ કરવો પણ ન રહ્યો. રાગના ગ્રહણ-ત્યાગથી આત્મા શૂન્ય છે. રાગનો ગ્રહણ-ત્યાગ નહીં કરવો એવી આત્મામાં એક શક્તિ છે. આહાહાહા...! આમ ને આમ કહે કે અમે આત્માને માનીએ છીએ પણ બાપુ! આત્માને માનવો એ કોઈ અપૂર્વ ચીજ છે!

અનાદિથી આ વસ્તુ ક્યારેય સાંભળી નથી તેથી પરિચય થયો ન હોઈ અનુભવમાં ક્યાંથી આવે? અનાદિથી રાગ કરવો અને રાગનો અનુભવ કરવો એ સાંભળ્યું છે અને તે જ કરે છે, એનો અભ્યાસ પણ છે.

રાગ આદિ વિકલ્પ ઊઠે છે તે દુઃખ છે અને આત્મા આનંદસ્વરૂપ છે; એમ, જ્યાં બે વચ્ચે ભેદ કર્યો ત્યાં અંદરમાં રાગથી નિવૃત્તિ થઈ ગઈ. આત્મામાં અકર્તા નામનો ગુણ હોવાથી અંદરમાં રાગથી ઉપરમસ્વરૂપ–નિવૃત્તિ થઈ ગઈ અને આનંદની પરિણતિ પ્રગટ થઈ. પ્રભુ! તું કેવડો અને ક્યાં છો તેની તેને ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની એક સમયમાં જેણે ત્રણકાળ–ત્રણલોક જોયા તેમણે આવો આત્મા જોયો છે. આવો આત્મા પ્રતીતમાં આવે તે આત્માને માને છે. બાકી આત્માને માનતો નથી, નાસ્તિક છે. જેવો આત્મા નથી એવો આત્માને માનવો એટલે આત્માને માનતો જ નથી. સમજાણું કાંઈ?

આત્મામાં એક સ્વસ્વામીસંબંધ નામનો એક ગુણ છે. રાગનો સ્વામી જીવ થાય એવો આત્મામાં કોઈ ગુણ નથી. રાગથી ઉપરમસ્વરૂપ અકર્તા ગુણને કારણે થયો અને ક્રમસર જે પર્યાય પરિણમે છે એવા ઉત્પાદ-વ્યય-ધ્રુવની શક્તિને ધારણ કરનાર દ્રવ્યની પ્રતીત થઈ તો સાથે વ્યવહારરત્નત્રયનો સંગ ન રહ્યો–વ્યવહારરત્નત્રયનો–રાગનો સ્વામી ન રહ્યો. કારણ કે આત્મામાં એક સ્વસ્વામીસંબંધ નામની શક્તિ પડી છે જે શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વામી છે, રાગનો સ્વામી નથી.

ક્રમે પરિણમવાના સ્વભાવવાળી ઉત્પાદ-વ્યય-ધ્રુવશક્તિ, અકર્તૃત્વશક્તિ આદિ ગુણોના ધરનાર દ્રવ્યની દૃષ્ટિ કરતા–રુચિ કરતા, જે રાગ આવે તે પણ અકર્તાશક્તિના કારણે ઉપરમસ્વરૂપે પરિણમે છે, રાગના અભાવસ્વરૂપે પરિણમન થયું, ક્રમસર પરિણમન થયું, અક્રમે ગુણ રહ્યા અને રાગનો સ્વામી ન રહ્યો પણ રાગના અભાવસ્વરૂપ પરિણમનનો સ્વામી રહ્યો.

અકર્તૃત્વ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવી અનંત શક્તિઓ વિના દ્રવ્ય ન રહે. આત્માને

આવી અનંત શક્તિઓની જરૂર છે તે અંદરમાં જ પડી છે. અકર્તાગુણને કારણે જે રાગ આવ્યો તેનાથી ઉપરમસ્વરૂપે પરિણમે છે. તેનું નામ ભેદજ્ઞાન છે.

જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું કે દ્રવ્ય તે સ્વરૂપ અકાર્યકારણત્વશક્તિ છે. ભગવાન આત્મામાં અકાર્યકારણત્વ નામનો એક ગુણ છે જેને લીધે આત્મા રાગનું કારણ નથી અને આત્માની નિર્મળ પર્યાય એ રાગનું કાર્ય નથી. રાગની મંદતા છે–વ્યવહાર છે તો સમ્યગ્દર્શન થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. ભગવાન આત્મા તો વિકલ્પના અભાવસ્વરૂપે છે, તો વ્યવહાર પહેલાં અને પછી નિશ્ચય એવું આવ્યું ક્યાંથી?

રાગ દુઃખરૂપ છે અને આત્મા આનંદસ્વરૂપ છે. આત્મામાં એક અકર્તા નામનો ગુણ છે, રાગથી નિવૃત્તરૂપ પરિણમન એ એનું સ્વરૂપ છે. જ્યાં આવા આત્માની દૃષ્ટિ થઈ ત્યાં રાગથી નિવૃત્તસ્વરૂપ પરિણમન થયું ત્યારે રાગ છે તે જ્ઞેય બની ગયું, પોતાની પર્યાયમાં રાગ ન આવ્યો. વ્યવહાર જ્ઞેય થઈ ગયું. આત્મા વ્યવહારનો સ્વામી નથી અને વ્યવહાર આત્માની પર્યાયમાં ન રહ્યો. આહાહા! ગજબ વાત છે.

આ તો ત્રિકાળ સત્ય છે. એમાં કાંઈ ફેરફાર કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય, દ્રવ્યને માનવાવાળો ન રહે. સમજાણું કાંઈ?

નિરાકુળતાના સ્વભાવને કારણે ભગવાન કોઈનું કાર્ય નથી અર્થાત્ રાગથી નિવૃત્તિસ્વરૂપ કાર્ય હોવાથી રાગ એ આત્માનું કાર્ય નથી અને રાગથી આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ નથી, કેમકે રાગ આત્માનું કારણ નથી અને રાગ આત્માનું કાર્ય નથી. આત્મા રાગનું કારણ નથી અને રાગનું કાર્ય નથી એવો અકાર્યકારણગુણ આત્મામાં અનાદિ અનંત પડ્યો છે–એવા અનાદિ અનંત દ્રવ્ય-ગુણની દૃષ્ટિ થતાં આત્મા રાગનું કાર્ય અને રાગનું કારણ બનતો નથી એથી શ્રદ્ધા થાય તો આત્મા માન્યો કહેવાય, નહીંતર આત્માને માનતો જ નથી.

આ રીતે, અંતરમાં દૃષ્ટિ કરીને જ્યારે આત્મા આસ્રવોના ભેદને જાણે છે તે જ સમયે ક્રોધાદિથી નિવૃત્ત થાય છે અર્થાત્ વિકારરૂપ પરિણમન આત્મામાં રહેતું નથી. સ્વભાવની દૃષ્ટિમાં વિકારરૂપ પરિણમન ન રહે તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદ કહે છે.

# બધા જીવો સમાન છે, નાના મોટા નથી

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૮)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૪મી ગાથા થઈ ગઈ. ૯૫મી ગાથામાં યોગીન્દ્રદેવ શું કહે છે તે જુઓ!

जो भत्तउ रयणत्तयह तसु भुणि लक्खणु एउ।
अच्छउ कहिं वि कुडिल्लियइ सो तसु करइ ण भेउ॥९५॥

અર્થ :–રત્નત્રયની આરાધના કરવાવાળા મુનિનું લક્ષણ એ જાણવું કે તે જ્ઞાની મુનિ ગમે તે શરીરમાં જીવો રહે પરંતુ શરીરોથી આત્મામાં ભેદ પાડતાં નથી. અર્થાત્ દેહના ભેદથી ગુરુતા-લઘુતાનો ભેદ કરે છે પરંતુ જ્ઞાનદૃષ્ટિથી બધાંને સમાન જુએ છે.

આ નિશ્ચયરત્નત્રયની આરાધનાની વાત છે. નિશ્ચયરત્નત્રય એટલે અખંડ જ્ઞાયકસ્વરૂપની અંતરમાં પ્રતીતિ, સ્વરૂપનું સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપમાં આચરણરૂપ સ્થિરતા–આનું નામ નિશ્ચયરત્નત્રયની આરાધના અર્થાત્ સેવા છે. આવી આરાધના કરનારા મુનિઓ શરીરના ભેદથી જીવોમાં ભેદ કરતાં નથી. એકેન્દ્રિય શરીરમાં જીવ રહે કે બેઈન્દ્રિય શરીરમાં રહે કે પંચેન્દ્રિય શરીરમાં જીવ રહે પણ જીવ તરીકે તો બધા જીવ સમાન છે. બધા જીવ કેવળ એકલા જ્ઞાનસ્વરૂપ, કેવળ દર્શનસ્વરૂપ, કેવળ વીર્યસ્વરૂપ, કેવળ આનંદસ્વરૂપ એકસરખા સહજ આત્મા છે એમ જે જુએ છે તે રત્નત્રયના આરાધક એવા મુનિ છે. અહીં એકલા મુનિ જ કહ્યાં છે પણ નિયમસારમાં તો શ્રાવક અને મુનિ બંનેને રત્નત્રયના આરાધક કહ્યાં છે. પંચમ ગુણસ્થાનમાં પણ શ્રાવક કેવળ રત્નત્રયના આરાધક–ભગત છે. નિયમસાર ભક્તિ-અધિકારમાં મૂળ પાઠમાં આ આ વાત લીધી છે.

કોઈને એમ થાય કે શ્રાવકને આવા નિશ્ચયરત્નત્રય ક્યાંથી આવી ગયા? શ્રાવકને તો વ્યવહારરત્નત્રય હોય.

ભગવાન કુંદકુંદઆચાર્ય નિયમસારમાં ફરમાવે છે કે પોતાના શુદ્ધ પરિપૂર્ણ જ્ઞાયકની દૃષ્ટિ, તેનો અનુભવ અને અંશે સ્થિરતા શ્રાવકને પણ થઈ હોવાથી તે પણ નિશ્ચયરત્નત્રયના આરાધક છે. ગૃહસ્થ હો કે મુનિ હો પણ જેને પોતાના જ્ઞાયકના

આશ્રયે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું છે, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન થયું છે અને બાર અણુવ્રત કે મહાવ્રતના વિકલ્પ વિનાની સ્વરૂપમાં સ્થિરતા થઈ છે તેને રત્નત્રયનું આરાધન થયું કહેવામાં આવ્યું છે.

જ્ઞાની મુનિ પણ જીવોમાં વ્યવહારથી જે ભેદ છે તેને ખ્યાલમાં લે છે. પર્યાયમાં રાગ છે, અલ્પજ્ઞતા છે તેને ભેદ જાણે છે પણ વસ્તુદૃષ્ટિથી જેમ પોતાનો સ્વભાવ અભેદ છે તેમ બધા જીવો અભેદ કે છે, કેવળજ્ઞાનવેલીના કંદ છે એમ જુએ છે. પોતાના અને પરજીવના પૂરણ...પૂરણ સ્વભાવમાં ગુરુતા કે લઘુતા, વિકાર કે અલ્પજ્ઞતા આદિ ભેદો નથી. પોતાનો સ્વભાવ દૃષ્ટિમાં લીધો છે તેને બધા જીવોનો એવો જ સ્વભાવ છે એમ જ્ઞાનમાં આવે છે. પર્યાયમાં ફેર છે તે વ્યવહારનયનો વિષય છે તેને જાણે છે પણ તેના ઉપર દૃષ્ટિ નથી. જેવો મારો સ્વભાવ પૂર્ણાનંદ છે તેવો જ બધા જીવોનો સ્વભાવ પૂર્ણાનંદ છે એમ દેખે છે.

ભાવાર્થ :–હે પ્રભાકર ભટ્ટ! વીતરાગ સ્વસંવેદનજ્ઞાનીનું આ લક્ષણ તું નિઃસંદેહ જાણ! વીતરાગ સ્વસંવેદનજ્ઞાન ઉપરના ગુણસ્થાનમાં જ હોય, નીચેના ગુણસ્થાનમાં ન હોય–એમ નથી. ચોથા ગુણસ્થાનથી જ તેની શરૂઆત થઈ જાય છે. પાંચમા ગુણસ્થાનથી સંયમનો અંશ વધી જાય છે તેથી મુખ્યપણે વીતરાગ સ્વસંવેદનજ્ઞાન પાંચમાંથી ગણવામાં આવે છે. અનંતાનુબંધી કષાયનો અભાવ થયો તેની સામે એટલું સ્વરૂપમાં અસ્તિરૂપ આચરણ પ્રગટ થયું છે તેથી જ્ઞાનીને રત્નત્રયના આરાધક કહેવામાં આવે છે.

'નિશ્ચય પછી અને વ્યવહાર પહેલો' એવું નયનું સ્વરૂપ નથી. એકલા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, ભક્તિ આદિ વ્યવહારથી, સમ્યગ્દર્શન માનવામાં તો એકાંત થઈ જાય છે. સમ્યગ્દર્શન તો વીતરાગભાવ જ છે. સ્વરૂપાચરણચારિત્ર પણ વીતરાગ છે અને જ્ઞાને જે સ્વભાવ સન્મુખ થઈને સ્વાશ્રય લીધો છે તે પણ અંશે સ્વસંવેદનજ્ઞાન જ છે. આવા નિશ્ચયરત્નત્રયના આરાધક જીવોનું લક્ષણ અહીં પ્રભાકરભટ્ટને સમજાવ્યું છે.

નિગોદથી લઈને સર્વાર્થસિદ્ધિદેવ સુધી અનેક ભેદો જીવની પર્યાયમાં છે. અરે! ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયભાવમાં ભેદ હોય છે. જેટલો અસિદ્ધભાવ છે તે ઉદયભાવ છે. ભગવાનને નય નથી પણ નિશ્ચયનયના આરાધક સાધકને માટે એ વ્યવહારનયનો વિષય છે પણ તે ગૌણ છે. સાધકને નિશ્ચયનયનું આરાધન છે. સાધકે પોતાની પર્યાયમાં થતાં રાગાદિ અને ક્ષણિક પર્યાયને ગૌણ કરીને પૂર્ણ શુદ્ધ દ્રવ્યની મુખ્યતા કરી છે તે જ દૃષ્ટિએ સાધક દરેક જીવને દ્રવ્યસ્વભાવની મુખ્યતાથી જુએ છે, પર્યાયના ભેદોને ગૌણ કરે છે.

આહાહા! આવા સાધકને કોની સાથે વેર! ને કોની સાથે વિરોધ હોય! એ તો શાંત...શાંત...શાંત...જેમ સ્ફટિકરત્ન સ્વચ્છ અને શુદ્ધ છે પણ જડ છે તો આત્મા પોતે ચૈતન્ય અને સ્ફટિક જેવો સ્વચ્છ, શુદ્ધ અને શાંત છે. પ્રસિદ્ધ વિશુદ્ધ સુશુદ્ધસ્વભાવનો ધારક છે. એવો જ દરેક જીવનો સ્વભાવ પૂર્ણ શુદ્ધ છે–એમ નિશ્ચયરત્નત્રયના આરાધક વસ્તુદૃષ્ટિએ બધાને સમાન જુએ છે.

જે જીવને જેવા જેવા કર્મના ઉદય હોય તે પ્રકારના શરીર આદિ સંયોગ પ્રાપ્ત હોય તેમાં તે જીવ રહેલો હોય છે, કેમ કે જીવ અને કર્મને એવો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેથી એકેન્દ્રિયથી પંચેન્દ્રિય, ૧લા ગુણસ્થાનથી ૧૪ ગુણસ્થાન સુધીના અનેક ભેદો પડતાં હોવા છતાં નિશ્ચયથી બધા જીવો શુદ્ધ બુદ્ધ છે. શુદ્ધ–શાંત, બુદ્ધ–જ્ઞાનમૂર્તિ એકાકાર પૂર્ણાનન્દ સ્વભાવથી ભરેલાં છે.

આ વાતને સ્પષ્ટ કરવા સોનાનો દાખલો આપ્યો છે કે જેમ સોનામાં વર્ણભેદ દેખાય છે તે તો વ્યવહારનો વિષય છે. સોનાને એકલા સોના...સોના...સોનાપણે જુઓ તો તેમાં કોઈ વર્ણભેદ નથી. તેમ જીવની વર્તમાન પર્યાયમાં કર્મના નિમિત્તના સંબંધે નૈમિત્તિક અવસ્થા જુઓ તો તેમાં ભેદ છે–તે વ્યવહાર છે પણ સ્વભાવથી જુઓ તો સોનાની જેમ ભગવાન આત્મા શુદ્ધ-બુદ્ધ એકસ્વભાવી છે. પર્યાયમાં ભેદ હોવા છતાં જીવદ્રવ્ય બધા સમાન છે—કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી બધા જીવો સમાન છે. અહીં કેવળજ્ઞાનનો અર્થ પર્યાય ન લેવો. કેવળ એટલે એકલો જ્ઞાન, એકલો દર્શન, એકલો વીર્ય, એકલી શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા, એકલો કર્તા, કરણ, કર્મ, સંપ્રદાન આદિ એક એક પૂર્ણ સ્વભાવ એવા અનંકગુણોથી દરેક આત્મા વર્તમાનમાં વસ્તુસ્થિતિએ વિદ્યમાન છે. વિદ્યમાન...વિદ્યમાન... હયાતીવાળો સત્‌પદાર્થ જેવો પોતાને અનુભવમાં આવ્યો તેવા જ બધા આત્માઓ વર્તમાન વિદ્યમાન છે એમ જ્ઞાની જાણે છે. વસ્તુદૃષ્ટિએ દરેક આત્મા સોળવર્ણા સોના જેવા પૂર્ણ શુદ્ધસ્વરૂપે વિદ્યમાન છે. વસ્તુ તરીકે પ્રગટ છે.

વસ્તુ તો સદાય પ્રગટ જ છે. પર્યાય તરીકે પૂર્ણતા પ્રગટ નથી પણ વસ્તુ તો સદાય પૂર્ણ અને પ્રગટ છે. જ્ઞાનીએ જેમ પોતાનો વિદ્યમાન દ્રવ્યસ્વભાવ દૃષ્ટિમાં લીધો, જ્ઞાનમાં લીધો તેમ દરેક જીવનો દ્રવ્યસ્વભાવ વિદ્યમાન છે–એમ જ્ઞાની જુએ છે. અહા! કેટલો સમભાવ! કોની પર્યાયનું લક્ષ કરીને વિકલ્પ ઉઠાવે! કે કોના કારણે વિકલ્પ ઉઠાવે! બસ, જ્ઞાની તો સ્વભાવની પૂર્ણતાને શ્રદ્ધાથી જુએ છે અને ભેદ છે તે વ્યવહારથી છે–એમ જાણે છે, તેથી કોઈ વ્યક્તિ પ્રત્યે રાગ-દ્વેષ કરવાનો અવસર જ નથી. પર્યાયના ભેદો છે તે

જાણવામાં આવે છે તેથી કાંઈ રાગ-દ્વેષ થતાં નથી. એ તો માત્ર જાણવાનો વિષય છે.

જેને પોતાના પૂર્ણ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ થઈ તે જીવને પોતાની પર્યાયમાં શુદ્ધિ વધતી જાય છે, અશુદ્ધિ ઘટતી જાય છે તેનું જ્ઞાન કરે છે પણ એ જ્ઞાન કરવાથી રાગ થતો નથી...પોતાના પુરુષાર્થની કમજોરીથી રાગ આવે છે પણ રાગને જાણવાથી રાગ આવે છે એમ નથી. જેમ પોતાના નિશ્ચયસ્વભાવમાં વિકાર નથી અને તેને જાણવા-દેખવાથી પણ વિકાર નથી તેમ પર્યાયમાં રાગાદિ વિકાર છે તેને જાણવાથી પણ વિકાર થતો નથી. તેમ જ પરદ્રવ્ય અને તેની પર્યાયના ભેદોને જાણવાથી પણ વિકાર થતો નથી. 'જાણવું' તે રાગનું કારણ નથી, જ્ઞાનનો વિષય છે.

જેમ પોતાનો દ્રવ્યસ્વભાવ પર્યાયમાં પ્રતીતમાં લીધો છે તેમ પર્યાયમાં દ્રવ્યસ્વભાવ પૂર્ણપણે પ્રગટ વિદ્યમાન નહિ હોવા છતાં પ્રતીતિમાં પૂર્ણ વિદ્યમાન સ્વભાવ લીધો છે તથા પરજીવ પણ પર્યાયમાં પૂર્ણપણે વિદ્યમાન ન હોવા છતાં વિદ્યમાન છે એવું જ્ઞાન થાય છે અને જેમ પોતાની પર્યાયમાં રાગાદિ ભેદો છે તેને જ્ઞાની જાણે છે તેમ પરદ્રવ્યની પર્યાયમાં અનેક ભેદો, વિવિધતા, વિચિત્રતાઓ છે તેને જ્ઞાની જાણે છે. જાણવાથી કાંઈ રાગ થતો નથી. રાગ તો પર્યાયનો કે પરનો આશ્રય લેવાથી થાય છે, જાણવાથી રાગ થતો નથી.

આ તો પરમાત્મપ્રકાશ છે. ભગવાન....પરમસ્વરૂપ...પરમાત્માની વાત છે. એક સમયની પર્યાય તો વ્યવહારનયનો વિષય છે. ચાર જ્ઞાનની પર્યાય કે કેવળજ્ઞાનની પર્યાય પણ વ્યવહારનયનો વિષય છે. જેમાં કોઈ ભેદ નથી...પૂરણ....પૂરણ દ્રવ્ય છે તે નિશ્ચયનયનો વિષય છે. જેવો મારો પરમાત્મા છે તેવા જ બધા પરમાત્મા છે, વસ્તુદૃષ્ટિએ તેમાં કાંઈ ફેર નથી. સ્વભાવનું સાધન કરવાથી-તે તરફનો આદર કરવાથી વ્યક્તરૂપ પરમાત્મા થઈ જશે-પર્યાયમાં વ્યક્ત થઈ જશે, આ જ ઉપાય છે કે પૂર્ણ...પૂર્ણ...પૂર્ણ સ્વભાવનું અંતર્મુખ દૃષ્ટિ અને જ્ઞાન કરી તે જ પરિણતિ અંદરમાં ઠરતાં ઠરતાં વિકાર ટળીને નિર્વિકારદશા પ્રગટ થઈ જશે.

અહોહો! યોગીન્દ્રદેવ શું કહે છે! બધા જીવો એકસરખા છે. આ સાંભળીને પ્રભાકરભટ્ટે પ્રશ્ન કર્યો કે હે ભગવન્! જો દેહના ભેદથી જીવોમાં ભેદ નથી, સર્વ જીવો સમાન છે તો પછી વેદાંતી એક જ આત્મા માને છે તેને દોષી કેમ કહો છો? તમે કહો છો તેમાં અને વેદાંતીમાં શું ભેદ રહ્યો?

અરે ભાઈ! બધા જીવો એકસરખા છે પણ એક જ નથી. જગતમાં એક જ દ્રવ્ય

નથી, અનંત દ્રવ્ય છે. તે અનંતને ન માને તેણે એક પર્યાયને પણ માની નથી કેમ કે એક શ્રુતજ્ઞાનની પર્યાયમાં એટલી તાકાત છે કે અનંત દ્રવ્યની અનંતી પર્યાયને—ભૂત-વર્તમાન-ભવિષ્યકાળની અનંત પર્યાયને—જાણે અને માને એવી તાકાત છે તો જેણે છ દ્રવ્ય નથી માન્યા તેણે એક પર્યાયને પણ માની નથી તો પર્યાયવાન દ્રવ્યની તો તેને શ્રદ્ધા જ નથી. છ દ્રવ્યને નહિ માનનાર એક પર્યાયને પણ જાણતો નથી. એક જ્ઞાનપર્યાય છ દ્રવ્યને જાણે એવી લાયકાતવાળી છે માટે છ દ્રવ્યને નથી માનતો—એકને જ માને છે તેને ખેરખર એક પર્યાયનું પણ યથાર્થ જ્ઞાન નથી.

કળશટીકામાં છેલ્લાં ૧૪ કળશોમાં અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું છે કે કોઈ જીવો દ્રવ્યને માને છે પણ પર્યાયને માનતા નથી તો કોઈ જીવો પર્યાયને માને છે પણ દ્રવ્યને નથી માનતા એવી વાત લીધી છે. જગતમાં અનંત આત્મા છે તેનાથી અનંતગુણા પરમાણુ છે, તેનાથી અનંતગુણા કાળના સમયો છે, તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશો છે, તેનાથી અનંતગુણા એક દ્રવ્યમાં ગુણ છે. એવા એક જ્ઞાનગુણની એક પર્યાયમાં આ બધા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી લેવાની તાકાત છે–એમ માને ત્યારે તે જીવે એક પર્યાયને માની કહી શકાય. આવી તાકાતવાળી તો અનંત પર્યાય અને એવી અનંત પર્યાયનો પિંડ એક ગુણ છે અને એવા અનંતગુણનો પિંડ એક દ્રવ્ય છે બાપુ! આવો આત્મા પોતે પરમાત્મા છે. અહા! એનો સ્વભાવ મહંત-મહાન છે તેથી પ્રવચનસારમાં આત્માને મહા પદાર્થ કહ્યો છે. અહીં તો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર બધાની એક એક ગાથા પ્રવચનમાં સ્પષ્ટ થઈ છે.

શિષ્યનો પ્રશ્ન હતો કે વેદાંતી એક જ આત્મા છે એમ માને છે તેમાં શો દોષ છે? તેનો શ્રીગુરુ ઉત્તર આપે છે કે शुद्धसंग्रहनयेन सेना वनादिवज्ञात्यपेक्षया....અમે સર્વ જીવોને એક કહીએ છીએ તે તો શુદ્ધસંગ્રહનયથી 'એક' કહીએ છીએ. સત્તા જ એક છે એમ કહેતાં નથી. સ્વરૂપ અસ્તિત્વ બધાનું અલગ છે. સાદૃશ્ય અસ્તિત્વથી મહાસત્તા એક કહેવાથી કાંઈ એક જ વસ્તુ થઈ જતી નથી. અનંત વસ્તુને સંગ્રહનયથી 'એક' કહેવાય છે કેમ કે તેની જાત એક છે પણ વસ્તુની સત્તા એક નથી, જાતિ એક છે પણ સંખ્યા એક નથી. જેમ સેનામાં હાથી, ઘોડા, રથ, મનુષ્ય આદિ અનેક હોવા છતાં એક સેના કહેવાય છે પણ 'સેના' નામનો કોઈ એક પદાર્થ નથી. તેમ જાતિ અપેક્ષાએ સર્વ જીવો સમાન હોવાથી 'જીવ' કહેતાં તેમાં બધા જીવો આવી જાય છે પણ તેની સંખ્યા કાંઈ એક થઈ જતી નથી. સંખ્યાથી તો અનંતજીવ છે. ઘઉંની લાખ ગુણ હોય તે બધામાં એકલાં

ઘઉં....ઘઉં...ઘઉં હોવાથી ઘઉંની ગુણ કહેવાય પણ તેથી કાંઈ ઘણાં એક થઈ જતાં નથી.

અધ્યાત્મની વાત અહીંથી ખૂબ ચાલી તેથી જૈનના નામે કેટલાક એવા નિશ્ચયાભાસી થઈ ગયા છે કે નિશ્ચયથી બધા એક જ છે પણ સમજ્યા વિના શું બધા એક જ છે! છએ દર્શનને ઘણાં એક માને છે. એક સાધુ અહીં આવેલાં તે કહે, આત્મા નિશ્ચયથી ખાતો નથી પછી દારૂ કે માંસ ખાય તોપણ શું થઈ ગયું! અરે! નિશ્ચયનો અર્થ એવો નથી! જેમાં જેટલી ભિન્નતા છે તેનો વિવેક જ્ઞાનના બરાબર આવવો જોઈએ. પોતાની પર્યાયને યોગ્ય તેને આહાર આદિનો વિકલ્પ આવે છે. દારૂ અને માંસ પણ ચાલે–એવું માનીશ તો મરી જઈશ. નિશ્ચયાભાસ કરવા જઈશ તો નિશ્ચય અને વ્યવહાર બંનેને ચૂકી જઈશ. વ્યવહાર આશ્રય કરવા લાયક નથી પણ વ્યવહાર જ નથી એમ માનીશ તો એકાંત થઈ જશે. શાસ્ત્રના બહાને આવા ઊંધા અર્થ કરીને મરી જઈશ. પહેલાં ક્રિયાકાંડનો પક્ષ હતો ત્યારે ક્રિયા કરવી...ક્રિયા કરવી એ જ મુખ્ય હતું અને હવે જ્યાં નિશ્ચયનો પક્ષ આવ્યો ત્યાં 'ગમે તેવી ક્રિયા ચાલે' એમ ન હોય. ક્રિયા ગમે તેવી ન હોય. મુનિને મુનિને યોગ્ય જ ક્રિયાનો વિકલ્પ આવે તેમ દરેકને ભૂમિકા અનુસાર જ ભાવ હોય.

આથી જ પ્રવચનસાર ચરણાનુયોગ ચૂલિકા અધિકારમાં પહેલી જ ગાથામાં આચાર્યદેવે 'દ્રવ્યાનુસારી ચરણ અને ચરણાનુસારી દ્રવ્યમ્'ની વાત મૂકી છે. આ મહાસિદ્ધાંત છે. દ્રવ્યમાં જેટલી શુદ્ધિ થઈ છે એટલા પ્રમાણમાં જ રાગ આવે છે. રાગની જાતિ પણ ભૂમિકા અનુસાર જ હોય છે અને જેવો રાગ છે તે પ્રમાણે અંતરંગમાં શુદ્ધિ થયેલી છે. મુનિ હોય તો તેમને અંતરમાં ત્રણકષાયના અભાવ જેટલી શુદ્ધિ પ્રગટી છે તો સાથે ૨૮ મૂળગુણના પાલનરૂપ શુભભાવ હોય છે. અંતરની શુદ્ધિ અને આચરણરૂપ વ્યવહાર બંને ભિન્ન હોવા છતાં મેળવાળાં હોય છે. માટે બંનેનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. ગડબડ ન ચાલે કે દ્રવ્ય શુદ્ધ છે માટે પર્યાયમાં ગમે તેવા ભાવ હોય તો ચાલે. સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી કષાયનો અભાવ થયો છે એટલી શુદ્ધિ પ્રગટ થઈ છે તો એ ભૂમિકામાં દારૂ–માંસ ખાવાનો ભાવ આવે જ નહિ એમ સહજ જ હોય છે.

પરદ્રવ્યને તો આત્મા અડતો નથી માટે ગમે તે ખોરાક આવે તો ચાલે–એમ ન હોય. આત્મા ખોરાક તો ખાતો જ નથી પણ ખાવાનો ભાવ તો આત્માને આવે છે ને! માટે તે ભાવમાં વિવેક હોય. પોતાની ભૂમિકા અનુસાર જ શુભાશુભભાવ આવે છે.

નિશ્ચય અને વ્યવહાર બંનેનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. એકલા નિશ્ચયને માને અને વ્યવહારને છોડી દે તો એ તો મૂઢ છે. વ્યવહાર આશ્રય કરવા લાયક નથી પણ

નિશ્ચયની સાથે ભૂમિકાનુસાર વ્યવહાર તો હોય જ છે. વ્યવહાર ન હોય તો તો પર્યાય, વિકલ્પ કે ભેદ આદિ કાંઈ રહેશે જ નહિ.

બધા જીવોની જાતિ એક છે પણ વ્યવહારનયથી જુઓ તો બધા જીવોમાં અનેક પ્રકારના ભેદ જોવામાં આવે છે. દરેક આત્મા ભિન્ન-ભિન્ન છે, કેમકે દરેકની સત્તા જુદી છે. જીવો અનંત છે, એક નથી માટે જૈનદર્શનની નિશ્ચયની વાત સાંભળીને તેની સાથે વેદાંતની સરખામણી ન કરવી. જેમ દોરો એક-બીજામાં પરોવેલો હોય તેમ કાંઈ મહાસત્તા એક-બીજામાં પરોવેલી નથી. દરેક પદાર્થની સત્તા સ્વતંત્ર છે. પૂર્ણાનંદે દરેક આત્મા એકસમાન છે તેથી કાંઈ તે બધા આત્મા એક થઈ જતાં નથી.

જેમ સેનાનો દાખલો આપ્યો તેમ બીજું દૃષ્ટાંત વનનું આપ્યું છે કે વનમાં વૃક્ષ તો અનેક છે પણ તેને એક વનના નામથી ઓળખાય છે, તેમ 'જીવ' એવા એક નામથી ઓળખાતા હોવા છતાં દરેક જીવો જુદાં જુદાં છે. સેના એક હોવા છતાં તેમાં હાથી, ઘોડા, રથ આદિ અનેક છે, તેમ જાતિ અપેક્ષાએ જીવની જાતિ એક હોવા છતાં વ્યક્તિ અપેક્ષાએ દરેક જીવ ભિન્ન-ભિન્ન છે. આવું વ્યવહારનું જ્ઞાન કરવું અને નિશ્ચયમાં પોતાની વસ્તુનો આદર કરવો તથા પરજીવોનો પણ નિશ્ચય જેમ છે એમ જાણવું. બધા આત્માઓ પૂર્ણાનન્દ પ્રભુ છે, જાતિ અપેક્ષાએ જીવોમાં ભેદ નથી એટલે કે બધાં જીવો એક ચૈતન્ય જાતિના છે. જાતિ એટલે એકેન્દ્રિય આદિ જાતિની વાત નથી સંગ્રહ કરીને બધાં જીવોને એક કહેવામાં આવ્યા તેથી કાંઈ બધાં એક થઈ જતાં નથી. વ્યક્તિ અપેક્ષાએ દરેક જીવ ભિન્ન છે.

છ જાતિના દ્રવ્યો છે પણ તેની સંખ્યા અનંતાનંત છે અને તે બધા અનાદિ-અનંત સ્વતંત્ર અસ્તિત્વથી રહેલાં છે. આમ, છ દ્રવ્યોની કબૂલાત આવ્યા વિના એક દ્રવ્યનો અંતરમાં અનુભવ થઈ શકતો નથી. છ દ્રવ્યમાં એક દ્રવ્યને ઓછું માને તો તેણે પણ એક પર્યાયની છ દ્રવ્યને જાણવાની તાકાતને માની નહિ હોવાથી દ્રવ્યને જ માન્યું નથી. આ તો સર્વજ્ઞના ઘરની વાત છે. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં છ દ્રવ્યો આવ્યા છે. શાસ્ત્રમાં પણ છ દ્રવ્ય કહ્યાં છે તે રીતે પોતાના જ્ઞાનમાં પણ છ દ્રવ્યનું જ્ઞાન થવું જોઈએ. ખ્યાલમાં આવવું જોઈએ અને તે અનુસાર પ્રતીતિ પણ થવી જોઈએ. અવ્યક્તપણે તિર્યંચને પણ છ દ્રવ્યની પ્રતીતિ પોતાની પર્યાયમાં આવે છે, વ્યક્તપણે ભલે બહુ સ્પષ્ટ નથી. સમ્યગ્જ્ઞાનદીપિકામાં કહ્યું છે કે જેને છ દ્રવ્યની પ્રતીતિ નથી તેને પોતાના આત્માનો અનુભવ અને પ્રતીતિ થતાં નથી. ન્યાયથી આ વાત છે.

કળશટીકામાં પણ કહ્યું છે કે એક સમયની પર્યાયને માની તેણે છ દ્રવ્યને માન્યા છે અને છ દ્રવ્યને અને પર્યાયને માની પણ દ્રવ્યને માન્યું નહિ તો તે એકાંત મિથ્યાદષ્ટિ છે અને દ્રવ્યને માને પણ પર્યાય ન માની તો તે પણ એકાંત મિથ્યાદષ્ટિ છે. આવી વાત છે.

શ્રોતા :–આવું એકાંત મિથ્યાદષ્ટિપણું શું પોતાની અંદર રહેતું હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પોતાની અંદર ન રહે તો શું બહારમાં રહે! એકાંત મિથ્યાત્વ અર્થાત્ વિપરીત અભિપ્રાય આત્માની પર્યાયમાં જ રહે છે, બહાર રહેતો નથી. સુખ-દુઃખનું વેદન અને સંસાર પણ પોતાની પર્યાયમાં જ રહે છે, કાંઈ શરીરમાં રહેતા નથી. ભગવાન પૂર્ણાનન્દ ચૈતન્યધામથી ખસીને રાગાદિ વિકલ્પ કે શરીરાદિ જેટલો જ પોતાને માનવો— એ માન્યતા જ સંસાર છે. સંસાર કોઈ પોતાને છોડીને પરમાં રહેતો નથી. કર્મ કે શરીરના પરમાણુમાં સંસાર રહેતો નથી. સુખ-દુઃખ પણ કાંઈ શરીરમાં રહેતા નથી. શરીરમાં દુઃખ નથી તેમ જ શરીરના કારણે દુઃખ નથી. દુઃખ પોતાની પર્યાયમાં અજ્ઞાનથી ઊભી કરેલી અવસ્થા છે.

આ ૯૫ ગાથા થઈ. હવે ૯૬ લઈએ છીએ. મથાળામાં કહ્યું છે કે અજ્ઞાની જીવો ત્રણલોકમાં રહેનારા જીવોમાં ભેદ કરે છે. ખરેખર જીવપણાથી કોઈ જીવ નાના-મોટા નથી. કર્મના ઉદયથી શરીર ભેદ છે પરંતુ દ્રવ્યથી બધા સમાન છે. જેમ સોનામાં વાન-ભેદ છે તેમ પરના સંયોગથી જીવોમાં ભેદ જોવા મળે છે પરંતુ સુવર્ણપાત્રથી બધા સમાન છે એમ બતાવે છે. આમા અહીં દૃષ્ટિનું જોર છે.

जीवहँ तिहुयण–संठियहँ मूढा भेउ करंति।
केवल–णाणिं णाणि फुडु सयलु वि एक्कु मुणंति॥९६॥

અર્થ :–ત્રણ ભુવનમાં રહેવાવાળા જીવોમાં મૂર્ખ જ ભેદ કરે છે, જ્ઞાની જીવ તો કેવળ જ્ઞાનથી પ્રગટ સર્વ જીવોને સમાન જાણે છે.

જુઓ! આત્મા કેવો છે? વિદ્યમાન છે, અસ્તિપણે પ્રગટ છે, પૂર્ણ છે. વસ્તુ કદી અવિદ્યમાન નથી. આત્મા કેવળ એટલે એકલા જ્ઞાનથી ભરપૂર છે તેમાં રાગાદિનો સ્પર્શ નથી. પાઠમાં सकलमपि एकं मन्यते। એમ શબ્દ છે તેનો અર્થ એ કે જ્ઞાની બધા જીવોને એકસમાન માને છે. જેમ એક ઘઉંનો દાણો છે એવો જ બીજો, ત્રીજો એમ ઘઉંના બધા દાણા જાતિએ સમાન છે, તેમ જેવો આ આત્મા છે એવા જ બીજાં બધા આત્મા છે, બધા સમાન છે.

ભાવાર્થ :–જુઓ દૃષ્ટાંત આવ્યું? જેમ સોળવલા સોનાને જુદાં જુદાં વસ્ત્રમાં લપેટ્યા હોય તો વસ્ત્ર અપેક્ષાએ ભેદ છે. કોઈ કપડું લાલ તો કોઈ કાળું છે, કોઈ જાડું છે તો કોઈ પાતળું છે એમ ઉપરથી વસ્ત્રનો ભેદ છે પણ સોનું તો દરેક વસ્ત્રના ટૂકડામાં એક સમાન છે, તેમ શરીર જુદાં જુદાં હોવાથી શું આત્મા તે શરીર જેવો થઈ જાય છે! શું આત્મા રાગ જેવો થઈ જાય છે! શું આત્મા એક સમયની વ્યક્ત પર્યાય જેવડો થઈ જાય છે? ભગવાન આત્મા તો દરેક સમયે પરિપૂર્ણ પ્રગટ વિદ્યમાન પડ્યો છે તે કાંઈ આ લપેટાયેલા શરીરરૂપ થઈ જતો નથી. રાગ તો જુદાં જુદાં અનેક પ્રકારના થાય છે તે રૂપે પણ આત્મા થઈ જતો નથી. અરે! એક સમયની પ્રગટ પર્યાય પણ અંશ છે તે રૂપે આખું દ્રવ્ય થઈ જતું નથી.

સોનાની જેમ ત્રણ લોકમાં રહેલાં જીવોમાં વ્યવહારનયથી શરીરમાં ભેદ છે પણ જીવપણામાં ભેદ નથી. જીવનું જીવપણું જ્ઞાન-દર્શનસ્વભાવે એકરૂપ છે તેમાં કોઈ ભેદ નથી. દ્રવ્ય કદી એક સમયની પર્યારૂપે થઈ જતું નથી. સામાન્ય કદી વિશેષરૂપ થઈ જતું નથી અને વિશેષ કદી સામાન્યરૂપ થઈ જતું નથી. સામાન્ય એટલે એકરૂપ સદૃશ્ય સ્વભાવ કદી શરીરરૂપ કે રાગરૂપ થઈ જતો નથી. જીવપણે બધા જીવો પૂર્ણાનંદસ્વભાવે રહેલાં છે. તેમના જીવપણામાં કાંઈ ભેદ નથી. શરીરના ભેદથી ભેદ છે પણ શરીરના પડદા પાછળ પૂરણ પ્રભુ સમાન છે (૧) શરીર, (૨) વિકલ્પ અને (૩) પર્યાયની પાછળ વસ્તુ પૂર્ણ છે તેમાં કદી વધ-ઘટ નથી, કેવળજ્ઞાન થાય તો કાંઈ સ્વભાવમાં કમી આવી જતી નથી અને પ્રગટ જ્ઞાન ઓછું છે તો વસ્તુમાં કાંઈ વધારે જ્ઞાન રહી ગયું છે એમ નથી. પ્રગટ પર્યાયમાં નિગોદની એક અક્ષરના અનંતમાં ભાગ જેટલા જ્ઞાનવાળી પર્યાય હો કે કેવળજ્ઞાન હો તેથી કાંઈ વસ્તુમાં વધ-ઘટ થઈ જતી નથી. વસ્તુ...વસ્તુ...વસ્તુપણે એકરૂપ છે તેમાં કાંઈ હાનિ-વૃદ્ધિ થઈ નથી.

આ કથન દ્વારા પર્યાય અને દ્રવ્યમાં કેવી રીતે સ્વતંત્રતા છે તે પણ સિદ્ધ થઈ જાય છે. આમાં કોઈ દૃષ્ટાંત લાગુ ન પડે. સંયોગના દૃષ્ટાંતથી સ્વભાવ ન સમજાય. ભગવાન દ્રવ્યસ્વભાવ તો અનાદિ-અનંત એવો ને એવો જ છે...એકરૂપ...એકરૂપ.... પર્યાયની અપેક્ષા વિના નિરપેક્ષ પદાર્થ જેવો પોતાનો છે એમ ખ્યાલમાં આવે છે તેમ બધાનો આત્મા એવો જ નિરપેક્ષ છે એમ ખ્યાલમાં આવે છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! વ્યક્ત પરમાત્મા થવા છતાં સ્વરૂપે તો પરમાત્મા પૂરણ...પૂરણ છે એમ બતાવવું છે. શક્તિની વિદ્યમાનતાથી બધા આત્મા પરમાત્મા છે—

ભગવાન છે. તો હવે કોને ઓછા કે અધિક જોવા?- દેહના ભેદે જોઈને મૂઢ જીવો આત્મામાં ભેદ માને છે. અલ્પજ્ઞપણું જોઈને મૂઢ જીવો આખા આત્માને અલ્પજ્ઞ માની લે છે. પર્યાયમાં અલ્પજ્ઞપણું હોવાથી કાંઈ દ્રવ્યમાં અલ્પજ્ઞતા આવી જતી નથી.

આમ, પૂર્ણ દ્રવ્યની વિદ્યમાનતા જેની દૃષ્ટિમાં આવી તે બધા આત્માને એકસમાન વિદ્યમાનપણે જુએ છે. અનાદિથી અજ્ઞાનદશામાં જીવ પોતાની પર્યાય દ્વારા બહારમાં જ લક્ષ કરી રહ્યો છે તેથી તેમાં પાંચ ઈન્દ્રિય, મન આદિ ભેદો જ જણાય છે. આખું તત્ત્વ શું છે તે કદી જ્ઞાનનો વિષય બન્યું નથી. તેથી સમયસારમાં કહ્યું કે જીવોએ કામ, ભોગ, બંધની કથા સાંભળી, પરિચય કરી અને અનુભવી હોવાથી તે જ સુલભ છે. નિગોદથી લઈને બધા જીવોને અજ્ઞાનદશામાં તેનું જ વેદન થઈ રહ્યું છે, નવમી ગ્રૈવેયક ગયો તોપણ એનું જ શ્રવણ , પરિચય અને અનુભવ કર્યો છે. શેનું? કે જે જે વિકલ્પ ઊઠે છે તેનો જ કર્તા અને તેનો જ ભોક્તા...એ જ વાતનો પરિચય અને અનુભવ છે. પર અને એક સમયના વિકલ્પથી પણ પાર સ્વના એકત્વની વાત એણે કદી સાંભળી નથી. એકસ્વરૂપ ભગવાન પૂરણ છે. પરમાણુ પણ પૂરણ છે પણ આ ભગવાન આત્મા તો જ્ઞાનાદિથી પૂરણ છે. કેવળ દર્શન, કેવળ જ્ઞાન, કેવળ વીર્ય, કેવળ સ્વચ્છતા, કેવળ પ્રભુતા સ્વભાવને મર્યાદા કેવી! સ્વભાવનું ક્ષેત્ર ભલે મર્યાદિત છે પણ સ્વભાવના ભાવને મર્યાદા નથી.

કોઈપણ દ્રવ્યના સ્વભાવને મર્યાદા ન હોય. ધર્માસ્તિકાય દ્રવ્યમાં જીવ અને પુદ્ગલને ગતિ થવામાં નિમિત્તરૂપ શક્તિ છે તો એક જ સમયમાં અનંત જીવ અને પુદ્ગલ સૂક્ષ્મરૂપ થઈને ધર્માસ્તિકાયના એક પ્રદેશ ઉપર આવે તો ધર્માસ્તિકાય એ બધાને ગતિમાં નિમિત્ત થાય છે. એ જ રીતે તે બધાને ગતિપૂર્વક સ્થિતિમાં નિમિત્ત થવાની અધર્માસ્તિકાય દ્રવ્યમાં તાકાત છે. નિમિત્ત થવાની શક્તિ છે, નૈમિત્તિક તો જીવ અને પુદ્ગલની પોતાની ગતિ અને સ્થિતિની યોગ્યતા છે. એક કાળાણુમાં એટલી તાકાત છે કે અનંત પદાર્થને પરિણમનમાં નિમિત્ત થાય છે. આકાશના એક પ્રદેશમાં એટલી શક્તિ છે કે જીવ અને પુદ્ગલ સૂક્ષ્મ થઈને એક પ્રદેશ ઉપર આવી જાય તો તે પ્રદેશ દરેકને સમાવી લે એવી તાકાત છે. સ્વભાવને મર્યાદા શી! આકાશમાં અવગાહનગુણ છે તો તે બધાને જગ્યા આપે છે. આખો લોક સૂક્ષ્મ થઈ જાય તો એક પ્રદેશમાં સમાઈ જાય એવી આકાશની તાકાત છે. જુઓ તો ખરા! સ્વભાવ....સ્વભાવ...સ્વભાવને કોઈ મર્યાદા નથી.

જીવદ્રવ્યનો સ્વભાવ તો જુઓ! તેની એક સમયની પર્યાયમાં સર્વને એકસાથે જાણી લેવાની તાકાત છે તો જીવના ગુણોની શક્તિ કેવી અગાધ અને અપાર હશે!

વીતરાગસ્વભાવ, કેવળજ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ....તેની શક્તિ અપાર છે. જીવનું ક્ષેત્ર ભલે સાડા ત્રણ હાથનું હોય—તેનું લક્ષ ન કરવું. વ્યંજનપર્યાય અને અર્થપર્યાય ભિન્ન છે. વ્યંજનપર્યાય નાની હોય તો કેવળજ્ઞાન ન હોય–એમ નથી. અર્થપર્યાય પૂર્ણ પ્રગટ થઈ તેને આકૃતિ નાની હો કે મોટી હો તેની સાથે સંબંધ નથી. પાંચસો ધનુષની વ્યંજનપર્યાય હોય તો જ કેવળજ્ઞાન હોય–એમ નથી, વ્યંજનપર્યાય ટૂંકી હો તો કેવળજ્ઞાન પણ ટૂંકુ હોય–એમ નથી, ક્ષેત્રની વિશેષતા નથી. વેદાંતે તો ક્ષેત્રની વિશેષતા કરીને આત્માને સર્વવ્યાપક કહી દીધો તે યથાર્થ નથી.

અહીં તો આત્મા ભગવાન પોતાની શક્તિથી મહાન છે, ક્ષેત્ર નાનું-મોટું હો તેનું કાંઈ નહિ–એમ જ્ઞાની સર્વજીવોને સમાન દૃષ્ટિથી જુએ છે. વીતરાગ સ્વસંવેદનજ્ઞાનથી પોતાને અનુભવે છે. આત્મા એવો છે કે સવળો પડે તો અનંતો લોક પ્રતિકૂળ પડે તોપણ પોતાના શ્રદ્ધા-જ્ઞાનથી ડગે નહિ અને ઊંધો પડે તો અનંતા તીર્થંકરની વાત પણ માને નહિ. કોઈ વિઘ્નને પણ એ ગણે નહિ અને અનુકૂળતાને પણ ગણે નહિ એવી આત્માની તાકાત છે.

બધા જીવો કેવળજ્ઞાનવેલીના કંદ છે, સુખની પંક્તિ છે, સુખની હારમાળા છે એટલે કે આનંદ...આનંદ...આનંદરૂપે પરિણમનારો છે. આખો આત્મા એકલા જ્ઞાન-આનંદથી સંપન્ન છે. (ક્રમશઃ)

## ❀ મૃત્યુથી અધિક તીવ્ર દુઃખદાતા નિદ્રા ❀

યહ સંસારી જીવ તૌ મોહ કે વશીભૂત ભયે નિદ્રાકર્મકે ઉદય ભયા જો આત્મા કે જ્ઞાન–દર્શનકા ઘાત તાકે નિમિત્ત પાય આત્મા જડ સમાનિ હોય. તા નિદ્રાકો પ્રાપ્ત ભયે જીવ શાતા–આનંદ ભયા માનૈં હૈ. સો હે ભવ્ય! યે નિદ્રા મૃતક સમાનિ ચેષ્ટા લીયે જાનની તથા ઈસે મૃતક હૂં તૈં અધિક દુઃખદાયક જાનના. સો હી બતાઈયે હૈ. જો મૃત્યુ હૈ સો એક શરીર કે ઉદય વિષૈ એક બાર આયુ કે અંત ઉદય હોય આયુ કે દર્શન–જ્ઞાન કૂં ઘાતૈ ઔર નિદ્રા હૈ સો આત્માકા મુખ્ય ગુણ જ્ઞાન–દર્શન તાકૌ છિન-છિનમેં ઘાતૈ હૈં, તાતૈં નિદ્રા કૂં મૃત્યુ તૈં હૂ દીરઘ દુઃખદાતા જાનના. *(સુદૃષ્ટિતરંગિણી)*

विद्यार्थीओ माटे सोनगढमां ग्रीष्मकालीन

## * धार्मिक शिक्षणवर्ग *

ग्रीष्मकालीन शिक्षणवर्ग उनाळु वेकेशन दरम्यान ता. १५-४-२००७ रविवारथी थी ता. ५-५-२००७ शनिवार सुधी सोनगढमां राखवामां आवेल छे. आ एकवीस दिवसीय शिक्षणवर्गमां उत्तम तेमज मध्यम एम बे कक्षा राखवामां आवशे.

मुमुक्षुमंडळनां बाळको तेमज युवानोने अध्यात्मप्रधान धार्मिक संस्कार प्राप्त थाय ते हेतुथी आपना मुमुक्षुमंडळना बाळको तेमज युवानोने आ धार्मिक शिक्षणवर्गमां अवश्य मोकलवा सर्व मुमुक्षु मंडळोने अनुरोध छे.

सूचना— (१) विद्यार्थीओ माटे आवास तथा भोजननी व्यवस्था निःशुल्क रहेशे.
(२) विद्यार्थीओ पोताना आगमननी आगोतरी सुचना टपाल द्वारा मोकलावे.

*प्रबंधक– श्री दि० जैन स्वाध्यायमंदिर ट्रस्ट*
*सोनगढ-३६४२५० (सौराष्ट्र)*

आत्मधर्म (गुजराती) मासिक-पत्र संबंधी माहिती

## फोर्म नं. ४, नियम नं. ८

| | | |
|---|---|---|
| समाचार पत्रनुं नाम | : | आत्मधर्म |
| प्रकाशन तारीख | : | दरेक मासनी पंदरमी तारीख |
| प्रकाशक अने मुद्रकनुं नाम | : | चिमनलाल ठाकरशी मोदी, मु. सोनगढ, जि. भावनगर |
| राष्ट्रीयता | : | भारतीय |
| प्रकाशन स्थान | : | श्री दिगंबर जैन स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ, ता. शिहोर, जि भावनगर |
| मालिक | : | श्री दिगंबर जैन स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ-३६४२५० |
| तंत्री | : | हीरालाल भीखालाल शाह, सोनगढ |
| मुद्रणस्थान | : | कहान मुद्रणालय, जैन विद्यार्थी गृह, सोनगढ |

हुं हसमुखलाल पोपटलाल वोरा आथी जाहेर करुं छुं के उपर आपेल विगत मारी जाण समज मुजब साची छे.

निवेदक :—हसमुखलाल पोपटलाल वोरा

ता. १-३-२००७ — अध्यक्ष : श्री दि. जैन स्वाध्यायमंदिर ट्रस्ट
सोनगढ-३६४२५०

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમયસાર કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન :**—તા. ૨૮-૩-૨૦૦૭, બુધવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૫મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

**મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ :**—તા. ૩૧-૩-૨૦૦૭, ચૈત્રસુદ ૧૩, શનિવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

મોરબીનિવાસી શ્રી બાબુભાઈ ઈશ્વરલાલ ઘડિયાળી (વર્ષ–૭૬) તા. ૨૫-૧૦-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વરસિક હતા.

લાઠીનિવાસી (હાલ બોરીવલી) શ્રી લલિતાબેન ધીરજલાલ ભાયાણી (વર્ષ–૮૪) તા. ૨૮-૦૧-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉદયપુરનિવાસી શ્રી દેવીલાલજી જૈન (વર્ષ–૮૮) તા. ૧૨-૦૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં અને ત્યારબાદ પણ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહ્યા હતા.

નાગપુરનિવાસી શ્રી પ્રતાપભાઈ નંદલાલ શાહ (વર્ષ–૭૫) તા. ૧૯-૦૨-૦૭ના રોજ કમળાની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

વીરમગામનિવાસી (હાલ સુરેન્દ્રનગર) ડૉ. હિંમતલાલ સુખલાલ શાહ (વર્ષ–૮૮) તા. ૧૯-૦૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

# પૂજ્ય બહેનશ્રીના મુખેથી....

❀ ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું. બીજું કાંઈ મને દેખાતું જ નથી ને!—આવું દ્રવ્ય ઉપર જોર આવે, દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે. પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ, એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં અન્ય રસમાં અનંતી મોળાશ આવી. ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો. દિશા આખી પલટાઈ ગઈ.

❀ સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપ-લીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઈત્યાદિસંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે?' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે; —જાણે હાલતા-ચાલતા સિદ્ધ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે.—આ, મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે.

*—પૂ. બહેનશ્રી ચંપાબેન*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૮મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૮મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી દિ૦ જૈન મુમુક્ષુમંડળ, સુરત દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૧૮મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૫-૪-૨૦૦૭ રવિવારથી તા. ૧૯-૪-૨૦૦૭ ગુરુવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ચૌસઠ ઋદ્ધિ મંડળ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૧૫-૧૬-૧૭ ત્રણ દિવસ ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૪-૩-૨૦૦૭, બુધવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી.]

*નિમંત્રક*

*શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ,*

*સુરત*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને જોઈએ તો, એટલે કે જીવ-અજીવના બંધપર્યાયની સાથે એકપણું અનુભવ કરતાં, રાગ સાથે એકપણું અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભૂતાર્થ છે. જીવ-પુદ્ગલના બંધપર્યાયને વિષય કરનાર વ્યવહાર-નયથી જોતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પરંતુ જે એકરૂપ જ્ઞાયકભાવ છે એવા એક જીવદ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતાં નવ તત્ત્વો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા એક જીવદ્રવ્યની સમીપ જઈને એટલે કે તેની સાથે એકપણું કરીને અનુભવતાં, એકરૂપ જ્ઞાયકભાવને દેખતાં આ નવ તત્ત્વો અભૂતાર્થ છે. ૪૦૦.

❀ વીતરાગદેવ એમ કહે છે કે મારી વાણી વડે જણાય એવો તું નથી. તું તારા વડે જ જણાય એવો છો. આહાહા! આવું સત્ય વીતરાગ વિના કોણ કહે? તને જાણવામાં વાણી કે શાસ્ત્રની અપેક્ષા નથી. તું તારાથી જ જણાય એવો છો. દિવ્યધ્વનિથી કે શાસ્ત્રથી જણાય એવો આત્મા નથી, આત્મા આત્માથી જ જણાય છે. આહાહા! જેમાં કોઈ પરની અપેક્ષા આવે નહિ એ માર્ગે જવામાં કેટલી ધીરજ જોઈએ. ભાઈ! તું તારાથી જ જણાય એવો મહાપ્રભુ છો—એમ શ્રદ્ધાને તો દૃઢ કર! પહેલાં વિકલ્પ સહિત તો આવો નિર્ણય કર! એ નિર્ણય એવો પાકો થવો જોઈએ કે ઉપરથી ઈન્દ્ર ઊતરે તોપણ ફરે નહિ એવો દૃઢ નિર્ણય કર. પછી અંદર જતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થશે. ૪૦૧.

❀ યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજુ તું થાક્યો નથી! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતાં આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૪૦૨.

આત્મધર્મ
માર્ચ-૨૦૦૭
અંક-૭ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. ..................
વાર્ષિક લવાજમ રૂા. ૯ આજીવન લવાજમ રૂા. ૧૦૧

## ભાઈ! તું જ્ઞાયક જ છો–એમ નિર્ણય લાવ!

ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

*–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662